મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૧૯ ટકા
ગાંધીનગર તાપમાન

પોલિસ કેરલેસ...ચોરો ફીયરલેસ

શહેરમાં ચારેય તરફ ચોરી-લુંટફાટ...!

એક જ દિવસમાં પાંચ ઘરફોડ, એક ચોરી અને ચેઈન સ્નેચીંગ : સે-૪-બીમાં ત્રણ મકાનોના તાળા તુટયા : સે-૩૦માં ધોળે દિવસે એક કલાકમાં ૬ લાખની ઘરફોડ : સે-૨૨માં પણ તસ્કરોનો હાથફેરો : સે-૪માં ત્રણ મકાનો પૈકી બે મકાનો તો પોલિસ અધિકારીઓના છે : સે-૨૨માં દિનદહાડે ચેઈન સ્નેચીંગ

ગાંધીનગર, તા.૩

રાજયના પાટનગરમાં ગુનાખોરીના પ્રમાણનો ગ્રાફ ભયંકર રીતે વધી રહ્યો છે. એક તરફ પોલિસ ઘરફોડીયાઓ પકડવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે. ઘરફોડીયા પકડવામાં પોલિસ કેરલેસ રહેતા ચોરો એકદમ ફીયરલેસ થઈ ગયા હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગાંધીનગર પોલિસ માટે એક સાંધે ને તેર તુટે... તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. માંડ એકાદ ગેંગ પોલિસના હાથે લાગે છે અને બે-ચાર ગુના ડીટેકટ થાય છે ત્યાં બીજી ગેંગ સક્રીય થઈ જાય છે અને બમણી સંખ્યામાં ગુનાઓ આચરે છે. આજે ચોવીસ જ કલાકમાં પાટનગરમાં પાંચ-પાંચ મકાનોના તાળા તુટયા છે એક ચેઈન સ્નેચીંગ અને એક ચોરી થઈ છે. પાટનગરમાં જ ચારેય તરફ ચોરી લુંટફાટના દૃશ્યો સર્જાયા છે. પાટનગરવાસીઓ પોતે અસલામત હોવાનો અહેસાસ કરી રહ્યા છે. નોંધનીય બાબત તો એ છે કે આજે શહેરમાં પાંચ જગ્યાએ થયેલી ઘરફોડ ચોરીઓ પૈકી બે મકાનો તો એવા છે જેના માલિક જ પોલિસ અધિકારીઓ છે. પોલિસના મકાનોને પણ ચોરો બિન્દાસ્તપણે બેખૌફ થઈને ટાર્ગેટ બનાવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ સેકટર-૭ પોલિસ સ્ટેશનની હદમાં આવેલા સેકટર-૪-બીમાં રાત્રી દરમિયાન ત્રણ મકાનોના તાળા તુટયા હતા. જેમાં એક

મકાન પી.આઈ.નું અને બીજું મકાન ડીવાયએસપીનું હોવાનું જાણવા મળ્યું છે. આ બંને મકાનમાં કેટલી ચોરી થઈ તે બાબતે મોડી સાંજ સુધી ફરિયાદ નોંધાઈ ન હતી પરંતુ સે-૪-બીમાં તસ્કરોએ ટાર્ગેટ બનાવેલા ત્રીજા મકાન અંગે ફરિયાદ નોંધાવી છે. નિવૃત્ત બચુભાઈ મણીલાલ પટેલના બંધ મકાનને ટાર્ગેટ કરી ઘરફોડીયા મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૬૫ હજાર મળી કુલ રૂ. ૧.૯૮ લાખની મત્તા મકાનમાંથી સાફ કરી ગયા હતા. તે ઉપરાંત સેકટર-૩૦માં આવેલા જાગૃતિ પાર્ક સોસાયટીમાં રહેતા અને મેડીકલ સ્ટોર ચલાવતા સુનિલભાઈ ચિમનભાઈ પ્રજાપતિના મકાનમાં આજે ધોળે દિવસે એક જ કલાકના સમયગાળામાં ૬ લાખની મત્તાની ચોરી થવા પામી હતી. સુનિલ પ્રજાપતિ આજે સવારે ૧૧ વાગ્યે બોરીજ ગામમાં ધાર્મિક પ્રસંગે હાજરી આપવા ગયા અને ૧૨ વાગ્યે ખબર પડી કે તસ્કરો તેમના મકાનનું તાળુ તોડી તિજોરીમાંથી ૧૫ હજાર રોકડા તથા દાગીના મળી કુલ રૂ. ૬.૦૫ લાખની મત્તા સાફ કરી ગયા છે. આ મામલે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે તો બીજી તરફ સે-૨૨ ચ-૬ના ખુણા પાસેના એક બંધ મકાનમાં પણ ઘરફોડ ચોરી થઈ હતી જે અંગે પોલિસ ફરિયાદ થવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોકત પાંચ ઘરફોડ ચોરીઓ પાટનગરમાં ચોવીસ જ કલાકમાં થવા પામી છે. તે ઉપરાંત સે-૨૨માં આનંદવાટીકા પાસેથી ચાલતી જતી મહિલાને ધોળે દિવસે ટાર્ગેટ કરી બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ તેણીના ગળામાંથી સોનાનો દોરો લુંટી રફ્ફુચકકર થઈ ગયા હતા. આ મામલે પણ પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી. જો કે આ ઘટનામાં ચેઈન સ્નેચીંગ થયું તેની આસપાસના બે મકાનોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી પોલિસને આપવામાં આવ્યા છે તે સિવાય ચિલોડા સર્કલને અડીને આવેલા ચૌહાણ પાન પાર્લરમાંથી જીવણજી ગાંડાજી ચૌહાણનો મોબાઈલ અને રૂ. ૧૧ હજાર રોકડા ચોરી થઈ ગયા હતા. આજે સવારે બનેલી આ ચોરીની ઘટના મામલે ચિલોડા પોલિસે અરજી લીધી છે.

@ગાંધીનગર

● સે-૨૨ જૈન મંદિરમાં જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યશોવર્મસૂરિશ્વરજી મહારાજ જ્ઞાનગર્ભિત તાત્વિક અને માર્મિક હૃદયસ્પર્શી પ્રવચન સવારે ૯.૦૦ કલાકે આપશે.

ગુરુવારે પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માહે એપ્રિલ ૨૦૧૮ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૫મી એપ્રિલ ગુરુવારે સાંજે પાંચ વાગે પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

રવિવારે સ્નાયુના દુ:ખાવા માટે વકતવ્ય

ગાંધીનગર, તા.૩

ભારતમાં સર્વપ્રથમ સ્નાયુઓના દુ:ખાવા માટે અત્યત આધુનિક નેનો કરન્ટ અને કોલ્ડ લેસર ટેકનોલોજીની પધ્ધતિના નિષ્ણાંત ડૉ. દિપેન પટેલનું વકતવ્ય નાથીબા હોલ, કડી કેળવણી સંકુલ, ગેટ નં.-૭, સે-૨૩ ખાતે તા. ૮-૪-૨૦૧૮ રવિવારના રોજ બપોરે ૩.૩૦થી ૬.૦૦ કલાક સુધી રાખેલ છે. જેમાં ડૉ. દિપેન પટેલ ખભા, પીઠ, કમર, ઘૂંટણ, થાપા, ઘૂંટી અને સાઈટિકા જેવા દર્દોના સંદર્ભમાં આ નવી લેસર ઉપચાર-પધ્ધતિની ચર્ચા કરશે તથા શરીરના જુદા જુદા અંગોમાં થતા દુ:ખાવાના મુળભૂત કારણો, બેસવા ઉઠવાની પધ્ધતિ-પોશ્ચર અને ચાલવાની પદ્ધતિ ઉપર માર્ગદર્શન આપશે.

વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવવાની મુદ્દત વધારીને તા. ૩૦ એપ્રિલ ૨૦૧૮ કરાઈ

ગાંધીનગર, તા.૩

કેન્દ્રિય મોટર વાહન નિયમોમાં કરેલ જોગવાઈ અનુસાર વાહનો પર હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાવવી ફરજિયાત છે. વાહન વ્યવહાર મંત્રી શ્રી આર.સી. ફળદુએ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાવવા માટે જનતાનો આરટીઓ/એઆરટીઓ ખાતે વધુ પડતા ધસારાને ધ્યાને લઈને તેમજ જનતાની વધુ સમય મળી રહે તે હેતુથી હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાવવા માટેની તારીખ ૩૦/૦૪/૨૦૧૮ સુધી લંબાવવામાં આવી છે. આ જાહેર કરેલી નવીન તારીખ સુધીમાં જનતાએ વાહનો પર હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાડવી ફરજિયાત રહેશે. અગાઉ રાજ્યના જુના વાહનોમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાવવા માટેની આખરી તારીખ ૩૧/૦૩/૨૦૧૮ જાહેર કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં ૧૬ નવેમ્બર,૨૦૧૨ થી હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ (HSRP) લગાવવાની કામગીરી આરટીઓ/એઆરટીઓ ખાતે શરૂ કરવામાં આવી છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

રૂ.૧.૮૦ લાખની ચોરી કરનાર હોટલનો રીસેપ્શનીસ્ટ ઝડપાયો

અડાલજ પોલિસે મોબાઈલ લોકેશન ટ્રેસ કરીને આરોપીને જોધપુરથી પકડી પાડયો : મુદ્દામાલ રીકવર

ગાંધીનગર, તા.૩

કોબા-ઈન્દિરાબ્રીજ માર્ગ પર આવેલા ભાટ ગામની સીમમાં સ્થિત ગેલેક્ષી હોટલ ઈનમાંથી ત્રણ દિવસ અગાઉ હોટલનો જ રીસેપ્શનીસ્ટ કેશ કાઉન્ટરમાંથી રૂ. ૧.૮૦ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયો હોવાની ઘટના બની હતી. અડાલજ પોલિસે હોટલના સીસીટીવી ફુટેજ મારફતે ખરાઈ કરીને ચોર રીસેપ્શનીસ્ટનું મોબાઈલ લોકેશન ટ્રેસ કરી જોધપુરથી ચોરીના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. અડાલજ પોલિસે મુદ્દામાલ રીકવર કરી આરોપીની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ભાટ પાસે આવેલી હોટલ ગેલેક્ષી ઈનમાંથી રીસેપ્શનીસ્ટ પ્રવિણ કાલુરામ ગોસ્વામી (રહે. રાજસ્થાન) ત્રણ દિવસ અગાઉ ચોરી કરીને ભાગી ગયો હતો. હોટલનું કેશ કાઉન્ટર ખોલીને અંદરથી એક મોબાઈલ તથા ૮૦૧ ડોલર અને રોકડ રૂ. ૭૭,૭૦૦ મળીને કુલ રૂ. ૧,૭૯,૮૨૦ની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી રીસેપ્શનીસ્ટ ફરાર થઈ ગયો હતો. હોટલ માલિકે સીસીટીવી કેમેરાના ફુટેજ સાથે અડાલજ પોલિસને ઘટનાની જાણ કરતા પોલિસે અશ્વિનભાઈ નારણભાઈ પટેલની ફરિયાદ લઈ ચોરને પકડવા તજવીજ શરુ કરી હતી. અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમે રીસેપ્શનીસ્ટનો મોબાઈલ લોકેશન ટ્રેસ કર્યુ તો જોધપુરનું લોકેશન મળતા જોધપુર જઈ પોલિસે આ શખ્સને શોધી કાઢી રોકડ રૂ. ૭૭,૭૦૦ તથા ૮૦૧ ડોલર મળી રૂ. ૧,૨૯,૭૬૫ અને બે મોબાઈલ મળીને કુલ રૂ. ૧,૫૧,૪૬૫નો ચોરીનો મુદ્દામાલ રીકવર કરી આરોપીની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

દારૂ ઢીંચીને ફરતા ત્રણ પીધેલાઓ પકડાયા

સે-૫માંથી કાર ચાલક જયારે જલુંદ અને લેકાવાડા ગામમાંથી દારૂ પીને ધમાલ કરતા બે પકડાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૫માંથી પોલિસે દારૂ ઢીંચીને જતા અલ્ટો કાર ચાલકને આજે બપોરે પકડી પાડયો હતો. તે ઉપરાંત દારૂ પીને ધમાલ કરી રહેલા બે પીધેલાઓ અંગે પોલિસ કંટ્રોલ રૂમમાં કૉલ આવતા પોલિસે જલુંદ અને લેકાવાડા ગામાંથી પીધેલાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલિસે શહેરના સેકટર-૫માંથી આજે બપોરે સે-૫-બીમાં રહેતા કલ્પેશ નટવર પરમારને તેની જીજે ૧૮ એ.એમ. ૩૭૨ નંબરની અલ્ટો ગાડી સાથે પીધેલી હાલતમાં જતા પકડી પાડયો હતો. પોલિસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ લેકાવાડા ગામમાં રહેતો ભરત કેશા ઠાકોર દારૂ ઢીંચીને ઘરમાં ધમાલ મચાવી રહ્યો હોવાની માહિતી કંટ્રોલ રૂમને મળતા કંટ્રોલના મેસેજ આધારે ચિલોડા પોલિસે પીધેલા શખ્સને પકડી પાડયો હતો. તે ઉપરાંત કંટ્રોલ રૂમમાં બીજો મેસેજ આવ્યો હતો કે જલુંદ ગામમાં રહેતો શંકરસિંહ અર્જુનસિંહ વાઘેલા દારૂ પીને દરબારવાસમાં ધમાલ કરે છે આ મેસેજ આધારે પેથાપુર પોલિસે જલુંદમાં જઈને પીધેલા શખ્સને પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.સી., એસ.ટી. એકટના ચુકાદા સામે પમીએ ધરણા

ગાંધીનગર, તા.૩

ભારત સરકાર દ્વારા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ઉપર થતા અત્યાચારના નિવારણ હેતુ એટ્રોસીટી એકટ ૧૯૮૯ અમલમાં મુકવામાં આવેલ છે. છેલ્લા કેટલાક વર્ષોનો ક્રાઈમ રેકોર્ડ જોતા આ સમાજના લોકો ઉપર અત્યાચારનું પ્રમાણ વધી રહેલ છે જેથી બંધારણમાં દર્શાવેલ સ્વતંત્રતા, સમાનતા-બંધુતાની ભાવના સંકુચિત થતી જાય છે જે દેશની અખંડીતતા માટે જોખમરુપ હોવાનું નકારી શકાતું નથી. ભેદભાવભરી માનસિકતા ધરાવતા લોકો દ્વારા ગરીબ, પછાત, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ઉપર વિવિધ પ્રકારે અત્યાચાર સદીઓથી આચરવામાં આવી રહ્યો છે અને આ પ્રકારના ગુનામાં થતો વધારો દેશ માટે ભયજનક સ્થિતિ પેદા કરી શકે તેમ છે. આ સ્થિતિમાં સુપ્રિમ કોર્ટ દ્વારા તાજેતરમાં અપાયેલ ચુકાદા સામે અહિંસક વિરોધ કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા સે-૬માં આવેલ સત્યાગ્રહ છાવણી ખાતે તા. ૫-૪-૨૦૮ને ગુરુવારના સવારના ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

રાજયભરની આઈટીઆઈ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળો શરૂ

ગાંધીનગર, તા.૩

મેન્યુફેકચરીંગ અને સેવાકીય એકમોમાં એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ પર લાયક ઉમેદવારોની પસંદગી માટે સમગ્ર ગુજરાત રાજયમાં ૧ થી ૧૫ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન સવારે ૯ થી ૫ સુધી એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે.

આ યોજના મારફત ખાનગી એકમમાં એપ્રેન્ટીસ તરીકે જોડાવવા માંગતા હોય તેવા યુવક યુવતીઓ પોતાની નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા આધાર કાર્ડની નકલ સાથે રૂબરૂમાં સંપર્ક કરવાનો રહેશે. એપ્રેન્ટીસ તાલીમ યોજનામાં ઉમેદવારોને તાલીમના પ્રથમ દિવસથી લઘુત્તમ રૂ. ૬૦૦૦ સ્ટાઈપેન્ડ તથા ઔદ્યોગિક સેવાકીય એકમોમાં પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે જેમાં ધોરણ ૮ પાસથી સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો જોડાઈ શકશે અને અંતે પરીક્ષા પાસ કરનારને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવશે તેમ રાજય એપ્રેન્ટીસશીપ સલાહકાર અને નિયામક રોજગાર અને તાલીમ ગાંધીનગરને જણાવ્યું હતું.

ઉનાળાને પગલે શહેરમાં બરફના વેચાણમાં અધધ વધારો

ગાંધીનગર શહેરમાં બરફનો વેપાર બારેમાસ ચાલે છે. રોજના હજ્જારો કિલો બરફ વેપારીઓ દ્વારા વેચાય છે. ઠંડા પીણા તેમજ નાના વેપારીઓ જરૂરીયાત પુરતો બરફ લઈ જાય છે, પરંતુ ઉનાળાના પ્રારંભે જ બરફના વેચાણમાં અધધ વધારો થવા પામ્યો છે. ઉનાળાની અસહ્ય ગરમીને પગલે ઠંડાપીણા તરફનો ઝોક નાગરીકોનો વધતા બરફનો વેચાણ બમણો થઈ જવા પામે છે. ત્યારે બરફના વેચાણ સાથે ભાવમાં પણ વધઘટ જોવા મળે છે.

ગાંધીનગર શહેરમાં બરફનો વેપાર ધમધોકાર ચાલે છે. શહેરના ઘ-૨, ઘ-૩, ઘ-૬, સે-૨૧, સે-૨૪, સે-૭ સહિત ન્યું ગાંધીનગરના વિસ્તારમાં બરફનું વેચાણ થાય છે. વેપારીઓ સામાન્ય દિવસોમાં ૮૦૦ થી ૧૦૦૦ કિલો બરફનું વેચાણ થાય છે. ઉનાળામાં ૨૦૦૦ હજ્જાર કિલોથી વધુ બરફ સવારથી સાંજ સુધીમાં વેપારીઓ વેચાણ કરી દેતા હોય છે. જયારે ઉનાળામાં વધુ બરફ જોઈતો હોય તો વેપારીઓને અગાઉથી જાણ કરવી પડતી હોય છે. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો મોટાભાગે ઠંડક આપતી ચીજવસ્તુ વધુ પીતા નજરે પડે છે. જેમાં શેરડીનો રસ, ઠંડું પાણી, વિવિધ પીણા, આઈસ્ક્રીમ સહિતનો સમાવેશ થાય છે. ત્યારે આ બધી ચીજવસ્તુ ઠંડી રાખવા માટે બરફ અગત્યનો હોય છે. એક તરફ લગ્નસરાની મૌસમમાં ઠંડી છાશ તેમજ પાણી માટે, લીંબુ શરબત, શેરડીના રસના કોલા, પાનના ગલ્લા ધારકો, સોડાની લારીઓ સહિતના વેપારીઓ બરફનો ઉપયોગ કરે છે. શહેરના બરફના વેચાણમાં વધારો થતા બરફ બનાવતી ફેકટરીઓ પણ રાત દિવસ ધમધમે છે. સામાન્ય દિવસ કરતા વધુ બરફ બનાવવો પડતો હોવાથી કારીગરોને રાત દિવસના ઉજાગરા કરવા પડે છે. ત્યારે શહેરમાં વેચાણ થતો બરફ નાગરીકો માટે કેટલો આરોગ્યપ્રદ છે કે કેમ તેની ચકાસણી કરવી પણ તંત્રની ફરજ બની રહે છે.

સે-૧૪ના વસાહત મંડળની સામાન્ય બેઠક યોજાઈ

ગાંધીનગર સે-૧૪ વસાહત મંડળની વાર્ષિક બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં નવનિયુકત હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

તાજેતરમાં મળેલી સે-૧૪ની વાર્ષિક સામાન્ય બેઠક મળી હતી. જેમાં ચાલુ વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખપદે એન.કે. વાઘેલા, ઉપપ્રમુખ પદે અમિત લેઉવા, મહામંત્રી પદે બી.એલ. પરમાર, ખજાનચી કચરાભાઈ એમ. પરમાર સહમંત્રી તરીકે કરશનભાઈ ડી. પરમાર, મુકેશભાઈ એ. પરમાર, ગણપતભાઈ એમ. પરમાર અને સંગઠન મંત્રી તરીકે ચંદ્રકાંત ડી. પરમારની વરણી કરવામાં આવી હતી.

અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ પ્લોટ નંબર- ૮૩-૧ ખાતે વસવાટ કરતા મગનભાઈ માધાભાઈ પરમારના દિકરી જયોત્સનાબેન અનિલભાઈ પરમારનું તા.૧-૪-૧૮ ને રવિવારના રોજ વડોદરા ખાતે દુ:ખદ અવસાન થયેલ છે. તા.૫-૪-૧૮ ને ગુરુવારના રોજ સાંજના ૫ થી ૭ કલાક દરમિયાન ઉપરોક્ત સ્થળે સ્વ. જયોત્સનાબેનનું બેસણું રાખવામાં આવેલ છે.

બીબીએ કોલેજ દ્વારા થાર ડ્રાયપોર્ટની ઔદ્યોગિક મુલાકાત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજના ૩૦ વિદ્યાર્થીઓએ એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન સર્ટીફીકેટ કોર્સના ભાગ રૂપે વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ માટે થાર ડ્રાયપોર્ટની મુલાકાત લીધી હતી. આજે પોર્ટ મેનેજમેન્ટમાં પણ રોજગારીની અનેક તકનું સર્જન થઈ રહ્યુ છે. ૨૦૦૯ માં ICD પોર્ટ દ્વારા સાણંદ ખાતે વ્યવસાયની શરૂઆત કરી હતી ભારતની અલગ અલગ કંપનીઓ સાણંદ ICD ખાતે માલસામાનની નિકાસ માટે

જયારે મોકલે ત્યારે કસ્ટમ ક્લીયરન્સની તમામ પ્રોસેસ અહીં પૂરી થયા બાદ મુન્દ્રા પોર્ટ તેમજ પીપાવાવ પોર્ટ ખાતે નિકાસ માટે મોકલે છે. અહીં વિદ્યાર્થીઓને એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશનના નીતિ નિયમ મુજબ પેકેજીંગ, સીલિંગ કરવા બાબતનું કસ્ટમ ક્લીયરન્સની પ્રોસેસ પૂરી થયા બાદ રેલ્વે દ્વારા મુન્દ્રા તેમજ પીપાવાવ પોર્ટ સુધી નિકાસ માટે પહોચાડવામાં આવે છે. કસ્ટમ વિભાગના પ્રતિનિધિ તેમજ કોર્સના તજજ્ઞ નિષ્ણાત પ્રોફેસરે ૩૦ વિદ્યાર્થીઓને ૪ ગ્રુપ માં વિભાજીત કરી માલ-સમાન નિકાસ માટે જરૂરી ચેક લીસ્ટ, શીપીંગ બીલ નંબર, એનેક્સર-સી, રજીસ્ટ્રેશન પ્રોસેસ, કસ્ટમ સીલ, કસ્ટમ ઓફિસર દ્વારા જાત ચકાસણી, ચકાસણીનો રીપોર્ટ અને છેલ્લે લેટસ એક્સપોર્ટ ઓર્ડર જેમાં કસ્ટમ સુપ્રીટેન્ડેટ દ્વારા કરવામાં આવતી ચકાસણી જેવી મહત્વપૂર્ણ બાબતો વિદ્યાર્થીઓને સમજાવી હતી.

કંપનીના નવીન ચૌધરીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ કોર્સ તમારા માટે દેશ- વિદેશમાં અનેક અત્યંત મહત્વપૂર્ણ સ્થળ પર રોજગારીનું નિર્માણ કરશે અને વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન વધુ ને વધુ મેળવવા પર ભાર મુક્યો હતો.

થાર ડ્રાયપોર્ટ- સાણંદ ખૂબ ઝડપથી વિકસી સમાજ સમક્ષ ઔધોગીક ક્ષેત્રે નિકાસ ક્ષેત્રે સફળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરુ પાડી રહ્યુ છે. ઔધોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા ડો. જયેશ તન્ના તેમજ ડો.આશિષ ભુવા દ્વારા થાર ડ્રાયપોર્ટ વિષેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી એક્સપોર્ટ કોર્સના વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. કંપનીના હિતેશ જાદવ દ્વારા સમગ્ર થાર ડ્રાયપોર્ટની નિકાસ માટેની જરૂરી તેમજ કસ્ટમના નીતિ નિયમો અને કસ્ટમ વિભાગ ને અનુલક્ષીને જરૂરી કાયદાકીય માર્ગદશન સ્થળ ઉપર વિદ્યાર્થીઓને લઈ જઈ રૂબરૂ માર્ગદર્શન આપ્યું હતું અને જણાવ્યું કે બીબીએ સાથે એક્સપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન સર્ટીફીકેટ કોર્સ વિદ્યાર્થીઓ માટે સર્વોત્તમ કારકિર્દીના ઘડતરમાં ઉપયોગી નીવડશે.

આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૂષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના અને એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન કોર્સ દ્વિતીય બેચના સંયોજક ડો. આશિષ ભુવા દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

ચિરવિદાય

- સ્વ. બાલુબા પ્રતાપસિંહ ડાભી, ઉ.વ. ૭૫
- સ્વ. મંગાજી લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. નર્મદાબેન નટવરભાઈ મિસ્ત્રી, ઉ.વ. ૭૬
- સ્વ. વિશાલ મેરાજી ઠાકોર, ઉ.વ. ૨૧